## સુરતમાં 77માં પ્રજાસત્તાક દિવસની આન, બાન, શાન સાથે ઉજવણી કરાઈ




■ મેયર તેમજ મ્યુનિ.કમિ. દ્વારા 30 માળ જેટલા ઉંચા તિરંગાને સલામી આપીને ધ્વજવંદન કરાયું.



■ સુરતમાં સ્થાનિક દેશભક્તો અને તરવૈયાઓ દ્વારા નદીની વચ્ચોવચ 20 ફૂટ લાંબો અને 8 ફૂટ પહોળો વિશાળ તિરંગો મૂકવામાં આવ્યો હતો. લોકોએ રિવરફ્રન્ટ તેમજ બ્રિજ પરથી આ તિરંગાને જોવાનો લ્હાવો લીધો હતો.



■ વેસુ ખાતે યુથ નેશન દ્વારા આયોજીત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પોલીસ જવાનો દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી.



■ અઠવાલાઈન્સ, પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ધ્વજવંદનના કાર્યક્રમમાં પો.કમિ. અનુપમસિંહ ગેહલોત દ્વારા ધ્વજવંદન કરીને તિરંગાને સલામી આપવામાં આવી હતી.

(તમામ તસવીરોઃ સતીષ જાદવ)

# ખેલ મહાકુંભમાં સુરતના 15 હજાર વિદ્યાર્થી ગણવેશ વિના જ રમશે!

**30મીથી** મહાકુંભ શરૂ થશે પરંતુ હજુ સુધી શિક્ષણ સમિતિએ 1.80 લાખ સ્પોર્ટ્સ યુનિફોર્મ આપ્યા નથી

**1.65 લાખ** વિદ્યાર્થી પાસે ગત વર્ષના યુનિફોર્મ હોવાનો લૂલો બચાવ, પરંતુ ટૂંકા પડી ગયા હોવાની વ્યાપક ફરિયાદ

### ટેસ્ટિંગના કારણે વિલંબ થયો છે, પણ ટૂંક સમયમાં ગણવેશ મળી જશે: ચેરમેન

સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાએ સ્વીકાર્યું છે કે ટેસ્ટિંગના કારણે વિલંબ થયો છે પરંતુ ટૂંક સમયમાં ગણવેશ મળી જશે. જો કે, 30મી જાન્યુઆરીથી ઇવેન્ટ શરૂ થઈ રહી હોવા છતાં તંત્રના લેટ લતીફ વલણે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું છે.

સુરતઃ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની અણઘડ નીતિને કારણે સતત બીજા વર્ષે ખેલ મહાકુંભ વિવાદોમાં ઘેરાયો છે. આગામી 30મી જાન્યુઆરીથી શરૂ થતા ખેલ મહાકુંભને હવે ગણતરીના દિવસો જ બાકી છે, છતાં હજુ સુધી અંદાજે 1.80 લાખ વિદ્યાર્થીને સ્પોર્ટ્સ યુનિફોર્મ પૂરા પાડવામાં આવ્યા નથી. વહીવટી તંત્રની આળસ અને આંતરિક ખેંચતાણને કારણે 1.80 લાખ ગણવેશનો ઓર્ડર છેક છેલ્લી ઘડીએ અપાયો છે. તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા અને સરકારી માન્ય લેબોરેટરીમાં કાપડના ક્વોલિટી ટેસ્ટિંગના બહાના હેઠળ વિલંબનો બચાવ કરવામાં આવી રહ્યો છે, પરંતુ હકીકત એ છે કે ઓર્ડર આપ્યા બાદ પણ યુનિફોર્મ પહોંચતા હજુ 15 દિવસ જેટલો સમય લાગશે, જેના કારણે બાળકોએ ગણવેશ વગર જ મેદાનમાં ઉતરવાની નોબત આવી છે.

તંત્ર દ્વારા એવો લૂલો બચાવ કરવામાં આવ્યો છે કે 1.65 લાખ જૂના વિદ્યાર્થીઓ પાસે ગત વર્ષનો ગણવેશ છે, પરંતુ આ વર્ષે નવા પ્રવેશ લેનારા 15 હજાર વિદ્યાર્થીઓની હાલત કફોડી બની છે. નવા વિદ્યાર્થીઓ પાસે સ્પોર્ટ્સ યુનિફોર્મ ન હોવાથી તેઓ અન્ય બાળકો વચ્ચે લઘુતાગ્રંથિ અનુભવે તેવી શક્યતા છે, સાથે જ જૂના વિદ્યાર્થીઓના ગણવેશ પણ ટૂંકા પડ્યા હોવાની ફરિયાદો ઉઠી છે.

# સમાજ સામે હવે કોઈ દાદાગીરી ચલાવી લેવાશે નહીં: હીરા સોલંકી

**બગદાણાની** ઘટનાનાં સુરતમાં પડઘાં: સરથાણામાં કોળી સમાજની બેઠકમાં પૂર્વ ધારાસભ્યની યુવાનોને જાગૃત રહેવા અપીલ



સુરતઃ બગદાણાના નવનીત બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના મામલે સુરત ખાતે કોળી સમાજની એક બેઠકમાં પૂર્વ ધારાસભ્ય હીરા સોલંકીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે સમાજ સામે થતી કોઈપણ પ્રકારની દાદાગીરી હવે ચલાવી લેવામાં આવશે નહીં. ગઈકાલે સુરતનાં સરથાણા પાસે મેલડી માતાના મંદિર નજીક કોળી સમાજની બેઠક મળી હતી. જેમાં બગદાણાનાં મુદ્દે કોળી સમાજ દ્વારા ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ઘટનાનાં પડઘા સુરતમાં પડતાં રાજકારણ ગરમાયું હતું.

આ કેસમાં માયા આહીરના પુત્ર જયરાજ આહીરની ધરપકડ થઈ હતી. ધારાસભ્ય હીરા સોલંકીએ સુરત ખાતે કોળી સમાજની બેઠકને સંબોધન કરતા જણાવ્યું હતું કે આઠ લોકો મળીને એકને મારે છે, તોય ભડના દીકરાએ માફી નથી માગી. છેતરીને માર્યો અને તેનો વિડીયો બનાવ્યો. એક દહેશત ઊભી કરવા માગતા હતા, એ મને ખટક્યું. આવી દાદાગીરી સહન નહીં થાય. સમાજ સામે કોઈની દાદાગીરી લાંબો સમય ચાલશે નહીં, તેમ ધારાસભ્ય હીરા સોલંકીએ જણાવી સમાજના યુવાનોને જાગૃત રહેવા અને અન્યાય સામે અવાજ ઉઠાવવા અપીલ કરી હતી.

## પતિને મોબાઈલ સાથે વધુ પ્રેમ, પત્નીએ એસિડ પી જીવન ટુંકાવ્યું

સુરતઃ ડીંડોલી યોગેશ્વરનગર સોસાયટીમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના વતની આલોક પાંડે ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે રાત્રે નોકરી પરથી ઘરે પરત આવ્યા બાદ તેઓ મોબાઈલમાં વીડિયો અને મૂવી જોવામાં વ્યસ્ત થઈ ગયા. પતિની આ આદતથી પત્ની તમન્ના (ઉંમર 19 વર્ષ) નારાજ હતી. બંને વચ્ચે બોલાચાલી થઈ, પરંતુ વાત અહીં અટકી નહીં. એક વર્ષ પહેલાં જ લગ્નજીવનમાં પ્રવેશ કરેલી તમન્નાને લાગ્યું કે પતિ મોબાઈલને વધુ મહત્વ આપે છે અને તેની લાગણીઓ અવગણાઈ રહી છે. આ ભાવનાત્મક તણાવમાં તમન્નાએ એસિડ પી લીધું હતું. ઘટનાની જાણ થતાં આલોકભાઈ તરત જ પત્નીને નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા, જ્યાં સારવાર દરમિયાન સોમવારે રાત્રે તમન્નાનું મોત થયું હતું.

# કઝીન ભાઈએ જ કિશોરીની છેડતી કરી ધમકી આપ્યાનો આરોપ

**કિશોરીએ** વાત માનવાનું બંધ કર્યું ત્યારે આરોપીએ ફોન અને વોટ્સએપ મારફતે પરિવારને ધમકીઓ આપીને હેરાન કર્યો

સુરત : સુરત શહેરના ચોક બજાર વિસ્તારમાં લગ્નની કંકોત્રી આપવાના બહાને સંપર્કમાં આવેલા કઝીન ભાઈએ કિશોરીની છેડતી કરી હોવાનો આરોપ પીડિતાએ લગાડ્યો છે.

ચોક બજાર વિસ્તારમાં રહેતી સગીર કિશોરીએ ગતરોજ પોતાના જ કઝીન ભાઈ સામે ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં કિશોરીએ જણાવ્યું હતું કે, આરોપી કઝીન ભાઈ અગાઉ એક વર્ષ પહેલાં સુરતમાં રહેતો હતો. તે સમયગાળા દરમિયાન તે અવારનવાર તેના ઘરે આવતો-જતો હતો અને નજીકના સંબંધનો લાભ લઈ સંપર્ક વધારતો ગયો હતો. ફરિયાદ મુજબ, લગ્નની કંકોત્રી આપતી વેળા આંખ મળી જવાને બહાને આરોપીએ વાતચીત શરૂ કરી હતી. બાદમાં તેણે મળવાનું કહી કિશોરીને એકાંત સ્થળે બોલાવી શારીરિક અડપલાં કર્યા હતા. શરૂઆતમાં ડર અને સંકોચના કારણે કિશોરી મૌન રહી હતી, પરંતુ આરોપીનો ત્રાસ ધીમે ધીમે વધતો ગયો હતો. પીડિતાના જણાવ્યા અનુસાર, તેણે જ્યારે આરોપીની વાત માનવાનું બંધ કર્યું ત્યારે આરોપીએ ધમકીનો માર્ગ અપનાવ્યો હતો. ફોન કોલ અને વોટ્સએપ મેસેજ મારફતે કિશોરીને જ નહીં પરંતુ તેના પરિવારને પણ ધમકીઓ આપીને હેરાન પરેશાન કરતો હતો. પરિવારની બદનામી અને ભયના કારણે કિશોરી લાંબા સમય સુધી ચૂપ રહી હતી. આખરે ત્રાસ અસહ્ય બનતા કિશોરીએ હિંમત એકઠી કરી ચોક બજાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે અમરેલી જિલ્લાના અમરેલી તાલુકામાં સરદારનગર શેરી પાસે ગજેરા પરામાં રહેતા મંથન હિતેશભાઈ ગોંડલીયા સામે છેડતીનો ગુનો નોંધ્યો છે. આરોપી ગેરેજ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખાયું છે. પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી છે.

હાલ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે અને સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરાઈ છે. આ ઘટનાએ એકવાર ફરી સવાલ ઉભો કર્યો છે કે, સગા સંબંધોમાં પણ મહિલાઓ અને કિશોરીઓ કેટલાં અસમર્થ અને અસુરક્ષિત અનુભવે છે.

# આજે સંભવત: સુરતના નવા મ્યુનિ.કમિ. ચાર્જ સંભાળશે

**આગામી** સમયમાં સુરતના મેટ્રો પ્રોજેક્ટ, તાપી રિવરફ્રન્ટ અને ટ્રાફિક સમસ્યા જેવા મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ પર તેમની વિશેષ નજર રહેશે

સુરત : સુરત મહાનગરપાલિકાના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે 2009 બેચના અનુભવી IAS અધિકારી એમ. નાગરાજન આજે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળશે. ગુજરાત સરકાર દ્વારા શાલિની અગ્રવાલની બદલી જીયુવીએનએલ (GUVNL), વડોદરાના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કરવામાં આવી છે. એમ. નાગરાજન અત્યાર સુધી અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમમાં વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. તેમની નિમણૂકથી સુરતના વિકાસ કાર્યોને નવી ગતિ મળવાની અપેક્ષા છે, કારણકે તેઓ વહીવટી કાર્યદક્ષતા અને ટેક્નોલોજીના ઉપયોગ માટે જાણીતા છે.

એમ. નાગરાજન માટે સુરત શહેર નવું નથી, તેઓ અગાઉ મે 2016 થી એપ્રિલ 2018 દરમિયાન સુરત મહાનગરપાલિકામાં ડેપ્યુટી કમિશનર તરીકે સેવા આપી ચૂક્યા છે. આ સમયગાળા દરમિયાન તેમણે 'સુરત સ્માર્ટ સિટી મિશન' ના સીઈઓ તરીકે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સના અમલીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી હતી, જેના માટે સુરતને રાષ્ટ્રીય કક્ષાએ પુરસ્કાર પણ મળ્યો હતો. આ ઉપરાંત, તેઓ મહેસાણા અને કચ્છ જેવા મહત્વના જિલ્લાઓમાં કલેક્ટર તરીકે પણ સફળ કામગીરી કરી ચૂક્યા છે. તેમની પાસે વિવિધ સરકારી વિભાગોમાં આશરે 22 વર્ષનો બહોળો અનુભવ છે. આગામી સમયમાં સુરતના મેટ્રો પ્રોજેક્ટ, તાપી રિવરફ્રન્ટ અને ટ્રાફિક સમસ્યા જેવા મહત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ પર તેમની વિશેષ નજર રહેશે.

'ગુજરાતમિત્ર'ના અહેવાલ બાદ તંત્ર જાગ્યું

# કઠોર ગામમાં શૌચાલયનું આખરે ખાતમુહૂર્ત કરાયું

**જુનું** શૌચાલય તોડી પાડવાને કારણે લોકો હેરાન થતાં હતા


કઠોર ગામમાં મનપાએ જર્જરિત જાહેર શૌચાલય તો તોડી નાંખ્યું, નવું ક્યારે બનાવશે?

સુરતઃ કઠોર ગામમાં વરસોથી લોકઉપયોગી રહેલું જૂનું શૌચાલય તોડી પાડવામાં આવ્યા બાદ ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. શૌચાલયના અભાવે મહિલાઓ, વૃદ્ધો અને રાહદારીઓ માટે મુશ્કેલી ઊભી થઈ હતી. આ મુદ્દે સ્થાનિક લોકોએ વારંવાર રજૂઆતો કરી હોવા છતાં તંત્ર દ્વારા નવા શૌચાલયના નિર્માણ માટે કોઈ ઉતાવળ ન બતાવાતાં ગામમાં નારાજગી ફેલાઈ હતી.

આ સમગ્ર મુદ્દે દૈનિક 'ગુજરાતમિત્ર' દ્વારા તંત્રનું ધ્યાન દોરતો અહેવાલ પ્રસિદ્ધ થતાં જ મહાનગરપાલિકા હરકતમાં આવી હતી. પરિણામે તાકીદના ધોરણે કઠોર ગામમાં નવા અધ્યતન શૌચાલયના નિર્માણને મંજૂરી આપવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા તારીખ 23-01-2026ના રોજ શૌચાલયના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ ખાતમુહૂર્ત વિધિ કોઠરના અગ્રણી વેપારી સ્વ.અંબારામ મોદીના પુત્ર અને અગ્રણી વેપારી નવીન મોદીના હસ્તે યોજાઈ હતી. આ પ્રસંગે વેપારી મહાજનના નટવર ટેલર, મયૂર ચૌહાણ, ભાજપ વોર્ડ નં.2ના પૂર્વ મહામંત્રી અંકિત ચૌહાણ, મુસ્લિમ સમાજના આગેવાન અસલમ બાપુ, બાબુ કાજી, અલ્તાફ મેમણ, દિનેશ પ્રાઈમસવાલા, રિક્ષાચાલક શશીકાંત પટેલ, વિદેશથી આવેલા હસમુખ પટેલ, હસમુખ રાણા,

કતારગામમાં સુમન શાળા મુદ્દે સામી ચૂંટણીએ, રાજકીય દાવપેચ ચમરસીમાએ પહોંચ્યો

# કતારગામ શાળાની જગ્યા બદલવામાં હેતુફેરની દરખાસ્ત મુલતવી રખાઈ

**ટી.પી**.કમિટીમાં શું નિર્ણય લેવાયો? પહેલા મંજુર, પછી નામંજુરના ચલક-ચલાણાથી તર્ક-વિતર્ક

### દરખાસ્ત મંજૂર કે મુલતવી ? વારંવાર પલટી મારી, ટી.પી.કમિટિએ રહસ્ય સર્જી દીધું

મંગળવારે મળેલી ટી.પી. સમિતિની બેઠક બાદ વધુ એક વિચિત્ર સ્થિતિ સર્જાઈ હતી. ટી.પી. સમિતિ દ્વારા પહેલા હેતુફેરની દરખાસ્તને મંજૂરી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ગણતરીના કલાકોમાં જ દરખાસ્ત મુલતવી રાખવામાં આવી હોવાનું જણાવ્યું હતું. સમિતિમાં દરખાસ્ત મુલતવી રખાઈ હોવાથી ટી.પી. સમિતિમાં પણ તે જ નિર્ણય લેવાયો હોવાનું કારણ આપતા સમગ્ર પ્રક્રિયા શંકાના ઘેરામાં આવી ગઈ છે.

સુરતઃ કતારગામમાં સુમન શાળાને લઈને શરૂ થયેલો વિવાદ શમવાનું નામ લઈ રહ્યો નથી. કાગળ પર મંજૂરી, કરાર અને ઈજારદારને વર્ક ઓર્ડર - ત્રણેય પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં શાળાનું સ્થાન બદલાતા સમગ્ર મામલો સત્તા સંઘર્ષમાં ફેરવાઈ ગયો છે. ત્યારે નવી જગ્યાનો હેતુફેર કરી પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો હેતુ કરવા માટે ટાઉન પ્લાનિંગ કમિટિમાં મુકાયેલી દરખાસ્ત પહેલા મંજુર થઇ હોવાના નિવેદન બાદ ટી.પી.કમિટી ચેરમેન ગેમર પટેલે દરખાસ્ત મુલતવી રાખી હોવાનું જણાવતા વિવાદ થયો છે.

મૂળ યોજના મુજબ ટી.પી. સ્કીમ નંબર 50માં સુમન શાળાને મંજૂરી આપવામાં આવી હતી. જો કે, ત્યારબાદ ધારાસભ્ય વિનુ મોરડિયાએ વોર્ડ નંબર 8ના ટી.પી.35 વિસ્તારમાં શાળા બનાવવા ભલામણ કરતાં જ વિવાદ ભભૂકી ઊઠ્યો હતો. બીજી તરફ સ્થાનિક કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ મંજૂર ટી.પી.50માં જ શાળા બનાવવા અડગ રહેતાં મામલો વધુ ગૂંચવાયો હતો. આ રાજકીય ઉહાપોહ વચ્ચે મામલો સ્થાયી સમિતિ સુધી પહોંચતા જ દરખાસ્ત પર બ્રેક લગાવવામાં આવી હતી. ટી.પી. સમિતિમાં નવી જગ્યાના હેતુફેર માટે રજૂ કરાયેલી દરખાસ્તને પણ મુલતવી રાખવામાં આવતાં વિવાદમાં નવો વળાંક આવ્યો છે. પહેલા ચેરમેન દ્વારા દરખાસ્ત મંજૂર કરાઇ હોવાનું, જો કે કલાકોમાં જ દરખાસ્ત મુલતવી હોવાનું જણાવાયું હતું. જેના પગલે સંગઠન અને સ્થાનિક નેતૃત્વ વચ્ચે તણાવ વધવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

## ઉધનાના પ્લાસ્ટિક યુનિટની આગમાં દાઝી ગયેલા વધુ બે કામદારનાં મોત

સુરતઃ ઉધનામાં અઠવાડિયા પહેલા લાગેલી આગમાં પાંચ પૈકી વધુ બે કામદારના મોત થતા મૃત્યાંક 4 થયો છે, જ્યારે અન્ય એક કામદાર હજુ સારવાર હેઠળ છે.

ઉધના ઉદ્યોગનગર ખાતે RMS પ્લાસ્ટ કંપનીમાં ગત 19મીએ સવારે યુનિટના પહેલા માળે બ્લાસ્ટ બાદ આગ ફાટી નીકળી હતી. ભીષણ આગના લીધે ત્યાં કામ કરતા પાંચ કારીગર દાઝી જતાં સારવાર 108માં સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે પાંચેય કામદારોને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં આમીર મોહમદ અને નિંરજ ભારતીની તબિયત વધુ લથડતા તેમને મૃત જાહેર કર્યા હતા. સારવાર દરમિયાન વધુ ચાંદબાબુ તેમજ મોહમ્મદ ઉસ્માન નામના કામદારનું પણ મોત થયું છે. જેથી અત્યાર સુધીમાં મૃત્યાંક 4 થયો છે. જ્યારે અન્ય એક કામદાર સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવી દિલ્હીમાં પ્રજાસત્તાક ઉજવણીમાં સુરતના 20 વર્ષીય શૂટિંગ માસ્ટર મહોમદ વાનિયાને વિશેષ આમંત્રણ



સુરતઃ તાજેતરમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ પર યોજાયેલા ૭૭મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં સુરતના ૨૦ વર્ષીય શૂટિંગ માસ્ટર મહોમદ વાનિયાને ખાસ મહેમાન તરીકે આમંત્રણ મળ્યું હતું, જેમાં તેઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, મહોમદ વાનિયાએ ડેફ ઓલમ્પિક ટોક્યો-૨૦૨૫ની ૧૦ મી. એર રાઈફલ શૂટિંગ સ્પર્ધામાં વ્યક્તિગત અને મિક્સમાં સિલ્વર તેમજ કાંસ્ય પદક જીતીને દેશ તથા સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે.

### સચિન જીઆઇડીસીમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરાઇ



સુરત : ૨૬ મી જાન્યુઆરીનાં રોજ ૭૭ માં ગણતંત્ર દિનની ઉજવણી નિમિત્તે સવારે ૯.૩૫ કલાકે નોટીફાઈડ ફાયર સ્ટેશન, જી.આઈ.ડી.સી. સચિન ખાતે સચિન ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનનાં પ્રમુખ કિશોરભાઇ પટેલનાં હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોસાયટીનાં ઉપપ્રમુખ નિલેશ ગામી, સેક્રેટરી મયુર ગોળવાલા, વ્ય. કમિટી સભ્યો, ભીખુભાઈ નાકરાણી, મનહરલાલ પરમાર, આમંત્રિત સભ્ય શૈલેષભાઈ મોદી, રોહિત સુર્યા, ઉદ્યોગકાર અતુલભાઈ બાબરીયા, નોટીફાઈડ સ્ટાફ અને ફાયર ઓફીસર તથા ફાયર સ્ટાફ વિગેરે હાજર રહી ધ્વજવંદન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### વેસુના ખાટુશ્યામ મંદિરે 2574 યુનિટ લોહી સાથે રક્તદાનનો વિક્રમ



સુરતઃ વેસુ ખાટુ શ્યામ મંદિર પાટોત્સવ નિમિત્તે સોમવાર, 26 જાન્યુઆરીએ મંદિરના આંગણમાં વિશાળ રક્તદાન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં શ્યામ મંદિરે પોતાના જૂના તમામ રેકોર્ડ તોડી ને નવો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. શ્રી શ્યામ સેવા ટ્રસ્ટના પ્રમુખ કૈલાશ હાકિમ, સેક્રેટરી રાજેશ દોદરાજકાએ જણાવ્યું હતું કે, કેમ્પની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી. ત્યારબાદ ગણતંત્ર દિવસ નિમિત્તે ધ્વજવંદન કરાયું હતું. સુરત, અમદાવાદ, બારડોલી, વ્યારા અને નવસારીની 12 બ્લડ બેંકોના સહયોગથી કુલ 2574 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર અને ભેટ આપીને સન્માનિત કરાયા હતા અને નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ કેમ્પમાં શહેરની 100થી વધુ સંસ્થાઓ જોડાઈ હતી.આ પ્રસંગે સંયોજક શિવપ્રસાદ પોદ્દાર, શેખર ગૌરી સરિયા, સુનીલ ગોયલ અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

### ભારત ભારતી ટ્રસ્ટ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવાયો



સુરતઃ ગત તા.26મી જાન્યુઆરીના રોજ થનગટ ગ્રુપ દ્વારા ભારત ભારતી ટ્રસ્ટ પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે ઉજવાયો. ગણેશ વંદના અને ગરબાની રજૂઆત કરવામાં આવી હતી. જેનું માર્ગદર્શન શિવાંગી પટેલે કર્યું હતું. શિવાંગી પટેલ, ધ્યાની પટેલ, રચના પટેલ, વિધિ પટેલ, ઊષા રાવ, દેવી આંડે, મિનાક્ષી પટીલે ભાગ લીધો હતો.

### રાજહંસ ગ્રુપના શિવલાલભાઈના ઘરની સાલગીરી અને પાલના અજીતનાથ જિનાલયની સાલગીરી ઉજવાઈ



સુરતઃ નાનપુરા સ્થિત સેવન્થ ડે સ્કુલની સામે આવેલા ગોકુલ બંગલામાં રાજહંસ ગ્રુપનાં શિવલાલભાઈ પોખરણાના ગૃહમંદિરે સાતમી સાલગીરી અને પાલ ગામ ખાતે આવેલા 377 વર્ષ પ્રાચીન અજીતનાથ જિનાલયની સાલગીરી ભવ્યતાથી ઉજવાઈ હતી. જેમાં 800થી વધુ પ્રભુભક્તો જોડાયા હતા. અજીતનાથ ભગવાનના જન્મ કલ્યાણકની ઉજવણી જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ અને આ. રશ્મિરાજસૂરિજી મ. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં યોજાઈ હતી. આશ્ચર્ય તો એ વાતનું છે કે જૈનોનું એક પણ ઘર નથી છતાં રોજ 100થી વધુ પ્રભુભક્તો પૂજા માટે આવે છે. આચાર્ય શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું. ધ્વજારોહણનો લાભ અમરતલાલ સમરથમલજી પરિવારે ઉત્સાહપૂર્વક લીધો હતો. ધજા પ્રભુના શિખરે ચડાવે છે અને જુવે છે તે ધન્યવાદને પાત્ર છે. વૈરાગ્યવારિધિ પૂ. આ. શ્રી કુલચન્દ્રસૂરિજી મહારાજે લખેલ નિશીથ ગ્રન્થ સંદર્ભે પાંચ દિવસનો આજથી રંગારંગ પ્રસંગ શરૂ થશે. સવારે 9 થી 12 સુધી પંચધા ભક્તિનો અદભુત કાર્યક્રમ થશે. પાલનું આ પરમ સૌભાગ્ય હશે.

### સિંગાપુરીની વાડી ખાતે ક્ષત્રિય સમાજની વિવિધ ક્લબ દ્વારા ધ્વજવંદન



સુરતઃ સુરત ક્ષત્રિય સમાજની સંસ્થા ન્યુ રીક્રિએશન ક્લબ અને સ્કાય રિક્રિએશન ક્લબના સંયુક્ત નેજા હેઠળ સિંગાપુરીની વાડી ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ક્લબના સભ્યો અને જ્ઞાતિજનો જોડાયા હતા. બંને ક્લબના પ્રમુખ ભરત વાણાવાળા અને નીતિન ભરૂચાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ધમણવાલા સ્કૂલની બાળાઓએ ધ્વજ વંદન કરાવ્યું હતું અને દેશભક્તિના ગીતો ગાયા હતા. સભાનું સફળ સંચાલન ચંદ્રકાંત જરીવાલા મંત્રીએ કર્યું હતું.

### અંબાજી રોડ, હવાડિયા ચકલા ખાતે 26મી જાન્યુ. ઉજવાઈ



સુરતઃ અંબાજી રોડ હવાડિયા ચકલા ચાર રસ્તા ઉપર 26 જાન્યુઆરીની ધૂમધામથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દિનેશભાઈ ભાટી, શશાંકભાઈ, સંદીપભાઈ મહેન્દ્રભાઈ સોની, નીતિન માલી, અને શ્રી મહાલક્ષ્મી મહિલા મંડળ દ્વારા મિઠાઈ-ચોકલેટ વહેંચવામાં આવી હતી.